


# ROSHNI

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ  છે.

**April 2025 | Issue No. 65 | A monthly newsletter**

"સમાવિષ્ટ સમુદાય તરફની અમારી સફરમાં આપનું સ્વાગત છે"

સ્નેહી વાચક મિત્રો, પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન  દ્વારા સમાવેશી સમુદાયની સફરના પ્રયાસોની અહી ઝાંખીને પ્રસ્તુત કરી રહ્યા છીએ. આ કાર્યના સમૃદ્ધ અનુભવનો આપ અહેસાસ કરી શકો તથા આપ દ્વારા આ દિશામાં અમોને સતત સહયોગ અને અભિપ્રાય મળી રહે તેવી અપેક્ષા છે.

અમને આ સફરમાં સતત મળી રહેતા આપના પ્રોત્સાહન માટે આભાર...

## કૌશલ્ય વિકાસ દ્વારા સશક્ત બનવાની સોનીની સફર...

વ્યક્તિમાં રહેલી સંભવિત કુશળતાઓને બહાર લાવવા માટે યોગ્ય દિશા સાથે વ્યક્તિની ક્ષમતાને અનુકુળ પ્રશિક્ષણ જરૂરી છે. પ્રભાતના ભાઈપુરા સેન્ટર પર વોકેશનલ યુનિટની સોનીના અનુભવ પણ કંઇક આ પ્રકારનો જ છે. 17 વર્ષની સોનીને સેરેબ્રલ પાલ્સી છે. તેને પગે ચાલવામાં મુશ્કેલી છે. 10માં ધોરણમાં પાસ ન થવાને લીધે છેલ્લા બે વર્ષ થી માત્ર ઘરના કામમાં જ વ્યસ્ત રહે છે. વચ્ચે વચ્ચે પરીક્ષા આપે ખરી પણ તેમાં હજી સફળતા હજી મળી નથી. તેથી હવે પોતાને ખાસ ગમતી કોઈ પ્રવૃત્તિ , લક્ષ્ય ન હોતા તેનામાં નિરાશા આવી અને સ્વભાવમાં ગુસ્સો પણ વધી ગયો. મારાથી કશું થશે નહિ તેવી લઘુતાગ્રંથી બંધાઈ ગઈ હતી.



ભાઈપુરા સેન્ટર આ સ્થિતિમાંથી તેને બહાર નીકળવાનો રસ્તો બન્યો. વિગતે વાત કરીએ તો સાત મહિના પહેલા તેના મમ્મીએ નવા જ શરુ થયેલ ભાઈપુરા સેન્ટરની મુલાકાત લીધી. પોતાની દિકરી માટે આ યોગ્ય છે એમ વિચારી તેનો પ્રવેશ કરાવ્યો. મમ્મી અને પપ્પા બંને સિલાઈ કામ સાથે જ સંકળાયેલ હોવાથી સોની પણ એ શીખે એવો એમનો આગ્રહ હતો. સોની માટે સિલાઈ મશીન શીખવું બિલકુલ નવું હતું. એકડે એકથી તેને શીખવવાનું હતું. તેથી સ્વાભાવિક છે કે તેને શરૂઆતમાં શીખતા અઘરું પડે. પોતે નહિ શીખી શકે એવી લઘુતાગ્રંથીને લીધે તે વધારે નિરાશ થઇ ગઈ. તે સેન્ટર પર નથી આવવું એવું ઘરે કહેવા લાગી.



તેની સ્થિતિને વોકેશનલના શિક્ષક અને પ્રભાતની ટીમ બરાબર સમજી લીધી. અને તેને પ્રોત્સાહન મળી રહે તેવું વાતાવરણ પૂરું પાડ્યું. સેન્ટરની વિવિધ અન્ય પ્રવૃતિઓમાં પણ સોનીને હવે રસ પડવા લાગ્યો. અને જયારે તેને સિલાઈ મશીન ચલાવતા આવડી ગયું પછી તો પૂછવું જ શું ? હવે સિલાઈ મશીન સાથે જાણે એનો સંબંધ બંધાઈ ગયો. તેનો આત્મવિશ્વાસ વધ્યો અને હવે તેને આગળ તેમાં શીખવાની ધગશ થઇ. આ સાથે તેને દસમાં ધોરણની પરીક્ષા પાસ કરવા માટે એકેડમિક લેવલ પર પણ હવે ઈનપુટ આપવાની શરૂઆત કરવામાં આવી જેથી તે પરીક્ષા માટે તૈયારી કરી શકે.

"સોની કહે છે, મને હવે બધું જ સિલાઈમાં શીખવું છે. હાલ મને મારા ટીચર ડ્રોઈંગ શીખવે છે. અને પછી હું કટિંગ કરતા શીખીશ."

વોકેશનલના શિક્ષક અનીતા બેન કહે છે કે, હવે તો સોની બીજા બાળકોને પણ શીખવે છે. તેમનું ધ્યાન પણ રાખે છે. પહેલા કોઈ પણ કામ કહેતા તો તે એક જ વખતમાં નતી કરતી. તેને નવું શીખવાની જાણે ધગશ ન હતી પણ હવે તે દરેક કામમાં મન પરોવે છે.

સિલાઈ કામને આજીવિકાનું સાધન બનાવીને સોની ભવિષ્યમાં આત્મનિર્ભર બને એ જ દિશામાં પ્રભાત ટીમ કાર્ય કરી રહી છે. આગળની સફર માટે સોનીને શુભેચ્છા.

**તૈયાર કરનાર : કુશવાહા અનીતા બેન – સિલાઈ શિક્ષક (વોકેશનલ યુનિટ)**

## કાર્યક્રમની ઝલક



**ઈદની ઉજવણી :** બાળકો અને તેમના માતા-પિતા સાથે ઈદની ઉજવણી બમણી ખુશી લઈને પ્રભાતના આંગણે આવી. વાલીઓ પોતાની જવાબદારી, બાળકની સ્થિતિની વચ્ચે પોતાના માટે વિચારે અને આંનદ કરે એવું બહુ જ જુજ બનતું હોય છે. તેથી જ પ્રભાત ચોક્કસ 'તક' ને ઝડપીને વાલી સાથે મનોરંજક  પ્રવૃતિઓ સતત કરતુ રહે છે. એમાય ઈદ જેવા તહેવારની ઉજવણી તો પરિવાર સાથે જ કરાય ને !!

ઈદની ઉજવણી પરિવારોને એકસાથે લાવવાનો એક ઉત્તમ પ્રસંગ હતો. 24 માતાપિતાએ આ પ્રવૃત્તિઓમાં દિલથી ભાગ લીધો, તેમના ચહેરા પર બાળક જેવો નિર્દોષ આનંદ છલકાઈ રહ્યો હતો તે જોતા લાગ્યું કે તેઓ પણ જાણે બાળક બની ગયા છે. સ્વાદિષ્ટ ભોજન અને રસપ્રદ પ્રવૃત્તિઓએ દરેક માટે ઈદની ઉજવણીને અવિસ્મરણીય બનાવી હતી.

**પ્રભાતની પરંપરા – સમર કેમ્પ :** પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનની સફર એક અનોખી પહેલથી શરૂ થઈ હતી - એક સમાવિષ્ટ સમર કેમ્પ જે દરેક બાળકમાં આનંદ, ઉત્સાહ અને મનોરંજન લાવવા માટે છે. દર વર્ષે થનારી આ વાર્ષિક પ્રવૃત્તિ એક પરંપરા તરીકે પ્રભાતમાં સતત વિકસતી રહી છે. જેની પ્રભાત ટીમ અને બાળકો આતુરતાથી રાહ જોતા હોય છે. સમર કેમ્પની તાકાત તેના સમાવેશી અભિગમમાં રહેલી છે, જે આપણને વિશ્વાસ અપાવે છે કે દરેક બાળક ભાગ લઈ શકે. પ્રભાતના કાર્યક્ષેત્રમાં આવતી શાળાઓ, નજીકના વિસ્તારોના બાળક જોડાય એવી રીતે આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ બાળકો, શિક્ષકો અને મેનેજમેન્ટમાં સમાવિષ્ટ શિક્ષણની વિચારધારાને પ્રોત્સાહન આપવા માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રભાતના બાળકો અને અન્ય બાળકો સાથે ડ્રોઈંગ, કોલાઝ વર્ક, કેરમ, બેલેન્સિંગ એક્ટીવીટી, સંગીત ખુરશી, ચીટક કામ, સેન્ડ -પેઇન્ટિંગ અને વિવિધ રમતો રમાડવામાં આવી હતી.



- એ.બી.વિદ્યાલય માં થયેલ સમર કેમ્પમાં 535 અને પ્રભાતના 90 બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.
- ભાઈપુરા સેન્ટર પર પ્રભાતના 95 બાળકો અને 125 સમુદાયના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સમર કેમ્પ હજી મે મહિનામાં પણ થશે.. વધુ રસપ્રદ માહિતી આવતા મહીને.

**કિશોરીઓના સ્વમાન અને સ્વાસ્થ્યને લઈને આવકારદાયક પહેલ :** સાથે મળીને ટેકો આપીએ, એમને સશક્ત બનાવીએ!- એ વિચાર સાથે રાહી ફાઉન્ડેશન દ્વારા પ્રભાત સેન્ટર પર આવતી કિશોરીઓ માટે 'સેનેટરી પેડ' નું વિતરણ કરવામાં આવ્યું. આજે પણ સમાજમાં ઘણી ખોટી માન્યતાઓ પ્રવર્તે છે. તેથી જ સાચું શિક્ષણ મળી રહે તે ઉદેશ્યથી આ કાર્યક્રમ કરવામાં આવ્યો. હતો. કિશોરીઓને આ પેડ એક વર્ષ સુધી પર્યાપ્ત રહે એટલી સંખ્યામાં આપવામાં આવ્યા હતા. વિશિષ્ટ જરૂરિયાત ધરાવતી કિશોરીઓ માટે માસિક સમયે પડતી મુશ્કેલી અને તેના ઉકેલ પર તેમની માતાઓ સાથે સંવાદ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં રાહી ફાઉન્ડેશનના જયેશભાઈ પરીખ લિખિત 'સુખનો સૂર્યોદય' નામનું પુસ્તક સંસ્થાને ભેંટ આપવામાં આવ્યું હતું. આ સંસ્થાના અન્ય પ્રતિનિધિ નિહારિકા પરીખ અને જયેશ પંડયા હાજર રહ્યા હતા.



ભાઈપુરાખોખરામાંદિવ્યાંગબાળાઓનેસેનેટરીપેડનુંવિતરણ

**અમદાવાદ ।** રાહી ફાઉન્ડેશન દ્વારા પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન ભાઈપુરા ખોખરા સંચાલિત દિવ્યાંગ શાળામાં બાળાઓ અને તેમની માતાઓને એક વર્ષ ચાલે તેટલા સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**અસેસેમેન્ટ કેમ્પ :** સમુદાયમાં કોઈ પણ વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા બાળક/ વ્યક્તિ સુધી પ્રભાત પહોંચે, તેમને જરૂરી સેવાઓ આપી શકાય તે માટે સમયાંતરે પ્રભાત સમુદાયની વચ્ચે જાય છે અને તેમની ઓળખ કરે છે. આ જ ઉદેશ્યથી આ મહિનામાં ત્રણ અસેસમેન્ટ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌ પ્રથમ તો વિવિધ વિસ્તારોમાં જઈને પત્રિકાનું વિતરણ કરી લોકોને માહિતી આપવી અને કેમ્પમાં આવવા માટે જાગૃત કરવાનું હોય છે. ત્યારબાદ, નાગરવેલ હનુમાન મંદિર – અમરાઈવાડી, ખોખરા – રમતગમત સંકુલ અને એ.બી. વિધાલય, બચુભાઈ કૂવો, વટવા ખાતે કેમ્પસનું આયોજન થયું હતું. જેમાં ફિઝીયોથેરાપીસ્ટ, સાઇકોલોજીસ્ટ જેવા નિષ્ણાંતો દ્વારા આ અસેસમેન્ટની પ્રક્રિયા થઇ હતી. 94 વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા લોકો એ લાભ લીધો હતો. અહી અર્લી ઇન્ટરવેસ્શનથી લઈને વોકેશનલ સુધી જે શ્રેણીમાં વ્યક્તિ આવે તે રીતે પ્રવેશ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. ઉપરાંત, પુખ્ય વયની વ્યક્તિ માટે સાધન સહાય, દસ્તાવેજો માટે તેમની યાદી તૈયાર કરવામાં આવી હતી.






**કાંકરિયા રિસોર્સ રૂમના બાળકોનો વધુ એક પડાવ તરફ પ્રયાણ :** કાંકરિયા રિસોર્સ શાળાના નવ બાળકો વર્ષના અંતે પરીક્ષાની પ્રક્રિયામાંથી પસાર થયા.ટીમ અને વાલી બંને ખુબ જ ઉત્સાહિત હતા. અહી સુધીની બાળકોની સફર રોમાંચક રહી હતી. બાળકના વિકાસની સાથે એક સમાવેશી શિક્ષણ માટેની પ્રણાલી વધારે મજબુત બની હતી જેનો પ્રભાતને આનંદ છે.

## હિમાયત (એડવોકસી )

**અનંત નેશનલ યુનિવર્સીટ ના વિદ્યાર્થીઓ દ્વારા વધુ એક પ્રભાતના પ્રયાસોને વાચા આપવા ફિલ્મ બનાવવાની પ્રક્રિયા :** ફિલ્મ માટે પસંદ કરેલા બે વોકેશનલના આદિલ ખાન અને ઋત્વિક સોલંકીની પ્રોફાઇલનો અભ્યાસ કરીને તેમના પ્રોજેક્ટ માટે આગામી દસ્તાવેજી ફિલ્મ બનાવવાની પ્રક્રિયા શરૂ કરી છે. તેમના કાર્યસ્થળો - જેબી ફ્રેગરન્સ અને નોરક્વેસ્ટ બ્રાન્ડ્સની મુલાકાત લીધી અને ઇન્ટરવ્યુ લીધા. કર્મચારીઓ સાથે વ્યવહાર અને તેમાં બદલાવની પ્રક્રિયાને જોવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. હોમ વિઝીટ દ્વારા તેમને કામ પર જવાનું કેટલું ગમે છે, તેના ફાયદા શું છે, તેમની નવરાશની પ્રવૃત્તિઓ શું છે અને તેમના સ્વાસ્થ્ય સંબંધિત પડકારો શું છે સંબંધિત ચર્ચા કરવામાં આવી હતી.




- સી.આર.સી ઓઢવથી સાયકોલોજીના વિદ્યાર્થીઓ ગઝા અને શિવાની દ્વારા વટવા સેન્ટરના અલગ અલગ ઉંમરના બાળકોની કાર્યક્ષમતા વિશે વાલી સાથે પરામર્શ કરવામાં આવ્યું.



સી.આર.સી થી CBID વિદ્યાથી દ્વારા ભાઇપુરા સેન્ટરની મુલાકાત.



એન.આઈ.ડી.ના પ્રોડક્ટ એન્ડ ટોય ડીપાર્ટમેન્ટના વિદ્યાર્થી દ્વારા ટેન્ટ બનાવવામાં આવ્યું. જેનું પ્રેક્ટીકલ બાળકો સાથે કરવામાં આવ્યું. બાળક થતા અનુભવનું નિરીક્ષણ કરવામાં આવ્યુ

## ઘરોબો



નેટવર્કિંગ દ્વારા સરકાર, સંસ્થા અને વ્યક્તિગત સ્તરે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા લોકોના મુદ્દાઓને વાચા આપવી અને સર્વાંગી વિકાસના અભિગમથી કાર્ય કરવાની રણનીતિ પ્રભાતની રહી છે. આ જ સંદર્ભે જરૂરિયાતવાળા વ્યક્તિ સુધી સાધન સહાય પહોચે તે માટે સમયાંતરે કેમ્પનું આયોજન થાય છે. આ મહિનામાં બે સાધન સહાયના એસેસમેન્ટના કેમ્પસનું આયોજન એલિમ્કો, અલી યાવર જંગ નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ સ્પીચ એન્ડ હિયરીંગ ડીસેબીલીટીસ, ડીપાર્ટમેન્ટ ઓફ એમ્પાવર્મેન્ટ પર્સન વિથ ડીસેબીલીટી અને માનનીય ધારાસભ્ય શ્રી અમુલ ભટ્ટ ફ્રેન્ડસ ક્લબનાં સંયુક્ત ઉપક્રમે મુખીની વાડી ઇસનપુર ખાતે થયું હતું. જેમાં 206 દિવ્યાંગ વ્યક્તિઓ અને 180 વરિષ્ઠ નાગરિકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં પ્રભાત દ્વારા સમુદાયમાં પ્રચાર પ્રસાર, લોકોને જાગૃત કરવામાં સિંહફાળો રહ્યો હતો. મે મહિનામાં તેમને સાધન સહાય આપવા માટે કેમ્પનું આયોજન કરવામાં આવશે.

## સહાયક સેવાઓ

મેડીકલ સર્ટીફીકેટ -02 ફોર્મ, રેલ્વે પાસ માટેના ફોર્મ -04, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -04, પેન્શન માટેના ફોર્મ -03 માટે ફોર્મ ભરવામાં આવ્યા.